

# મોદીએ વારાણસીમાં 14 કિમી લાંબો રોડ શો યોજ્યો

**વડા** પ્રધાને કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજા-અર્ચના કરી

વારાણસી (યુપી), તા. 29 (પીટીઆઇ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની બે દિવસીય મુલાકાતના બીજા દિવસે બુધવારે સવારે વારાણસીમાં રોડ શો યોજ્યો હતો, જેમાં સમગ્ર રૂટ પર મોટી ભીડ ઊમટી પડી હતી. એમ પક્ષના નેતાઓએ જણાવ્યું હતું.

રોડ શો બનારસ લોકોમોટિવ વર્ક્સ (બીએલડબ્લ્યુ)થી શરૂ થયો હતો અને લહરતારા, કચેરી, આંબેડકર ચૌરાહા, ચૌકાઘાટ, તેલિયાબાગ, લહુરબીર અને મૈદાગીન થઈને કાશી વિશ્વનાથ ધામ ખાતે સમાપ્ત થયો હતો.

મંદિરમાં વડા પ્રધાને પ્રાર્થના કરી હતી અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે વિધિવત પૂજા કરી હતી. પૂજા પૂર્ણ કર્યા પછી, સ્થાનિક પ્રતિનિધિઓ દ્વારા મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમણે તેમને ત્રિશૂળ, ડમરૂ અને પરંપરાગત ખેસ અર્પણ કર્યો હતો. વડાપ્રધાને આ સત્કારનો સ્વીકાર કર્યો હતો અને ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન કર્યું હતું.

પીએમ મોદીએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "હર હર મહાદેવ! કાશીમાં બાબા વિશ્વનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરવાનું સૌભાગ્ય મળ્યું. અહીં, મેં ભગવાન ભોલેનાથને દેશના તમામ નાગરિકો માટે સુખ, સમૃદ્ધિ અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરી." વડા પ્રધાને ઉમેર્યું કે, "મા અન્નપૂર્ણા અને મા ગંગાના દર્શનથી અપાર શાંતિ મળી. તેમની કૃપા સૌનામાં સકારાત્મક ઊર્જાનો સંચાર કરે! કાશીના લોકોને ફરી એકવાર વંદન."

જ્યારે તેઓ મંદિર પરિસરમાંથી બહાર આવ્યા ત્યારે ભક્તોએ "હર હર મહાદેવ" ના નારા લગાવ્યા હતા, જેના જવાબમાં મોદીએ હાથ હલાવીને અને હાથ જોડીને અભિવાદન કર્યું હતું.

# UAE હવે હોર્મુઝ સ્ટ્રેટને બાયપાસ કરી ભારતને વધુ તેલ મોકલી શકશે

**OPECમાંથી** બહાર નીકળ્યા બાદ UAE તેલ ઉત્પાદન વધારશે; ફુજૈરાહ પાઈપલાઈન બનશે ભારતની લાઈફલાઈન

**ભારતને થનારા ફાયદા:**

**ઉર્જા સુરક્ષા:** હોર્મુઝ સ્ટ્રેટમાં બ્લોકેજની સ્થિતિમાં પણ ભારતને તેલ મળતું રહેશે.

**વધુ જથ્થો:** OPECના ક્વોટા દૂર થતા UAE ભારતને વધુ તેલ સપ્લાય કરી શકશે.

**કિંમતમાં રાહત:** સપ્લાય વધવાને કારણે લાંબા ગાળે ભારતને વાજબી ભાવે ક્રૂડ મળી શકે છે.

UAEના આ વ્યૂહાત્મક નિર્ણયથી ભારત અને અમીરાત વચ્ચેની ભાગીદારી વધુ મજબૂત બનશે અને મધ્ય-પૂર્વના તણાવ વચ્ચે પણ ભારતનું અર્થતંત્ર સુરક્ષિત રહેશે.

નવી દિલ્હી, તા. 29: ભારતની ઉર્જા સુરક્ષા માટે એક અત્યંત સકારાત્મક વળાંકમાં, સંયુક્ત આરબ અમીરાત (UAE) હવે સાઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળના 'OPEC' સંગઠનમાંથી બહાર નીકળી ગયું છે. આ નિર્ણયને કારણે UAE હવે ઉત્પાદન મર્યાદાના બંધનોમાંથી મુક્ત થયું છે અને તે પોતાની પૂર્ણ ક્ષમતા (દૈનિક 50 લાખ બેરલ સુધી) મુજબ તેલ ઉત્પાદન વધારી શકશે. ભારત માટે આ સમાચાર એટલા માટે મહત્વના છે કારણ કે UAE હવે 'હોર્મુઝ સ્ટ્રેટ'ના જોખમી દરિયાઈ માર્ગને ટાળીને સીધું જ ભારતને તેલ સપ્લાય કરી શકશે.

વૈશ્વિક તેલ વ્યાપારનો 20% હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે, જે હાલમાં ભૌગોલિક રાજકીય તણાવને કારણે અત્યંત જોખમી બન્યો છે. જોકે, UAE પાસે હબશાન-ફુજૈરાહ ઓઈલ પાઈપલાઈન છે, જે તેલને સીધું જ ઓમાનના અખાતમાં આવેલા ફુજૈરાહ બંદર સુધી પહોંચાડે છે. આ પાઈપલાઈન દરરોજ 15 થી 18 લાખ બેરલ તેલ વહન કરવાની ક્ષમતા ધરાવે છે. અહીંથી તેલના ટેન્કરો સીધા જ અરબી સમુદ્રમાં પ્રવેશીને ભારત પહોંચી શકે છે, જેનાથી યુદ્ધ કે તણાવની સ્થિતિમાં પણ ભારતનો સપ્લાય અટકશે નહીં.

# હવે રોબોટ્સ ઉપાડશે તમારો સામાન!

**જાપાન** એરલાઈન્સ દ્વારા હ્યુમનોઇડ રોબોટ્સનું પરીક્ષણ




એરપોર્ટ પર સામાન ખોવાઈ જવાની કે બેગ તૂટી જવાની ચિંતા હવે ભૂતકાળ બની શકે છે. જાપાન એરલાઈન્સ (JAL)એ ટોક્યોના વ્યસ્ત હનેડા એરપોર્ટ પર સામાન લોડ કરવા અને ઉતારવા માટે અત્યાધુનિક હ્યુમનોઇડ રોબોટ્સ (માનવ જેવા દેખાતા રોબોટ્સ)નો ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે.

મે મહિનાથી શરૂ થતા આ બે વર્ષના પરીક્ષણ દરમિયાન, ચીન નિર્મિત બે પ્રકારના રોબોટ્સ - Unitree G1 (130 સેમી) અને UBTech Walker E (172 સેમી) ને તાલીમ આપવામાં આવશે.

આ રોબોટ્સ કાર્ગો કન્ટેનરમાં સામાન ભરવા, પ્લેનમાંથી સામાન ઉતારવા અને કન્વેયર બેલ્ટ પર કન્ટેનર મૂકવા જેવી શારીરિક મહેનતની કામગીરી કરશે.

જાપાનની વધતી જતી પ્રવાસન ક્ષમતા અને સામે કામદારોની ઘટતી જતી સંખ્યા (લેબર શોર્ટેજ) ને પહોંચી વળવા માટે આ નિર્ણય લેવાયો છે.

જાપાન એરલાઈન્સના ગ્રાઉન્ડ સર્વિસ પ્રેસિડેન્ટ યોશિતેરુ સુઝુકીએ જણાવ્યું હતું કે, રોબોટ્સ દ્વારા ભારે સામાન ઉંચકવાની કામગીરી કરવાથી કર્મચારીઓને શારીરિક તાણમાંથી મુક્તિ મળશે. જો આ ટ્રાયલ સફળ રહેશે, તો 2027ના અંત સુધીમાં આ રોબોટ્સ એરપોર્ટના રોજિંદા કામનો કાયમી હિસ્સો બની જશે.

# ટ્રમ્પ સામે કાયદાકીય કટોકટી: ઈરાન યુદ્ધ સમાપ્ત કરવાની ડેડલાઈન નજીક

**1973ના** 'વોર પાવર્સ રિઝોલ્યુશન' હેઠળ 1 મે સુધીમાં સૈન્ય પરત ખેંચવું અનિવાર્ય; ભંગ બદલ થઈ શકે છે કાર્યવાહી

વોશિંગ્ટન, તા. 29 અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં હવે એક નવો વળાંક આવ્યો છે. યુએસ કાયદા મુજબ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે ઈરાન સામેની સૈન્ય કાર્યવાહી સત્તાવાર રીતે ચાલુ રાખવા માટે હવે ગણતરીના કલાકો જ બાકી છે. જો 1 મે સુધીમાં કોંગ્રેસ (સંસદ) આ યુદ્ધને મંજૂરી નહીં આપે, તો ટ્રમ્પ કાયદાકીય ભીંસમાં મુકાઈ શકે છે.

**શું છે 1973નું 'વોર પાવર્સ રિઝોલ્યુશન'?**

વિયેતનામ યુદ્ધ બાદ અમેરિકી કોંગ્રેસે રાષ્ટ્રપતિની યુદ્ધ જાહેર કરવાની સત્તા પર અંકુશ લાવવા આ કાયદો બનાવ્યો હતો. જેની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે:

**60 દિવસની મર્યાદા:** રાષ્ટ્રપતિ સંસદની મંજૂરી વિના માત્ર 60 દિવસ સુધી જ સૈન્ય કાર્યવાહી કરી શકે છે.

**રિપોર્ટિંગ:** સૈન્ય મોકલ્યાના 48 કલાકમાં રાષ્ટ્રપતિએ સંસદને જાણ કરવી પડે છે. ટ્રમ્પે 2 માર્ચના રોજ આ રિપોર્ટ આપ્યો હતો, જેની મુદત 1 મે ના રોજ પૂર્ણ થાય છે.

**આપોઆપ અમલીકરણ:** જો સંસદ મંજૂરી ન આપે, તો રાષ્ટ્રપતિએ આપોઆપ સૈન્ય ઓપરેશન્સ બંધ કરવા પડે છે.

નિષ્ણાતો માને છે કે ટ્રમ્પ આ કાયદાને અસંવૈધાનિક ગણાવીને તેને પડકારી શકે છે. અગાઉ 2011માં ઓબામાએ લિબિયાના કિસ્સામાં પણ આવી જ દલીલ કરી હતી.

**જો ટ્રમ્પ સૈન્ય પાછું નહીં ખેંચે તો:**

**કોર્ટ કેસ:** ડેમોક્રેટ્સ સરકાર વિરુદ્ધ કાયદાકીય દાવો માંડી શકે છે.

**રાજકીય વિરોધ:** રિપબ્લિકન પાર્ટીના જ કેટલાક સભ્યો આ 'બિનલોકપ્રિય' યુદ્ધના વિરોધમાં છે, જે ટ્રમ્પ માટે મુશ્કેલી સર્જી શકે છે.

**ચૂંટણી પર અસર:** નવેમ્બરમાં યોજાનારી મિડટર્મ ચૂંટણીઓ પર આ વિવાદની મોટી અસર પડી શકે છે.

## પેજ 3

## ભારતીય સાડીમાં જોવા મળી પોપ સિંગર રિહાના



મુંબઈ, તા. 29 : પોપ સિંગર રિહાનાએ પોતાના મુંબઈ પ્રવાસ બાદ ભારતીય સાડીમાં ફોટો શૂટ કરાવ્યું છે. રિહાનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં તેણે ગ્રીન અને પિંક કલરની સાડી પહેરેલી છે. આ દેશી લુક સાથે તેણે ડાયમંડ અને એમરાલ્ડ (પન્ના)ની હેવી જ્વેલરી પણ પહેરી છે. વીડિયોમાં રિહાના સાડી પહેરીને ખુશીથી પોઝ આપતી જોવા મળી રહી છે. તેણે પોતાની જ્વેલરીને પણ વીડિયોમાં ખાસ રીતે ફ્લોન્ટ કરી છે. રિહાનાના આ લુક પર ફેન્સ સોશિયલ મીડિયા પર ખૂબ જ કોમેન્ટ્સ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, પારંપરિક સાડી અને જ્વેલરીમાં રિહાનાને જોવી એ એક સપના જેવું છે, તે ખરેખર ખૂબ જ સુંદર લાગી રહી છે.

## કરિશ્મા કપૂરનો પાપારાઝીઓ પર આકરો પ્રહાર: "વધારે ઝૂમ ન કરતા"



મુંબઈ, તા. ૨૯ : અભિનેત્રી કરિશ્મા કપૂર ડાન્સ રિયાલિટી શો 'ઇન્ડિયાઝ બેસ્ટ ડાન્સર સીઝન ૫'માં જજ તરીકે પરત ફરી છે, જે આ શોમાં જજ તરીકે તેનું બીજું વર્ષ છે. મંગળવારે, કરિશ્માએ તેના સાથી જજ ગીતા કપૂર, ટેરેન્સ લુઈસ અને જાવેદ જાફરી સાથે સેટની બહાર પાપારાઝી સામે પોઝ આપ્યા હતા. જોકે, ટૂંક સમયમાં જ તે ફોટોગ્રાફર્સ દ્વારા ખેંચવામાં આવી રહેલી અયોગ્ય તસવીરોથી સાવધ થઈ ગઈ હતી અને જ્યારે તે પીઠ ફેરવીને ચાલવા લાગી, ત્યારે તેણે તેઓને વધારે ઝૂમ ન કરવા માટે ચેતવણી આપી હતી. તેની આ પ્રતિક્રિયા ઝડપથી વાયરલ થઈ હતી અને કરિશ્માને નેટિઝન્સનો પણ ટેકો મળ્યો હતો. પાપારાઝીઓને આ પ્રકારના વર્તન બદલ ચેતવણી આપવામાં આવી હોય તેવું આ પહેલીવાર નથી. ભૂતકાળમાં પણ અનેક અભિનેત્રીઓએ પોતાની અયોગ્ય તસવીરો ખેંચવા બદલ અગવડતા વ્યક્ત કરી છે.

## આમિર ખાનનો લેટેસ્ટ અંદાજ: ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટનો હાથ પકડીને ફિલ્મ પ્રીમિયરમાં આપી હાજરી



મુંબઈ, તા. 29: 'એક દિન'ના પ્રીમિયર વખતે આમિર ખાને સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જ્યારે તે પોતાની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટનો હાથ પકડીને ત્યાં પહોંચ્યો હતો. આમિર ખાન અને ગૌરી સ્પ્રેટના આ પ્રેમાળ જાહેર દેખાવે લોકોમાં ચર્ચા જગાવી હતી. આ કપલ પરિવારના સભ્યો સાથે ખૂબ જ ઉષ્માભર્યું વર્તન કરતું જોવા મળ્યું હતું, જેણે સાંજને લાગણીસભર અને આત્મીય બનાવી દીધી હતી. આમિર ખાન અને ગૌરી સ્પ્રેટે એકસાથે પ્રેમભર્યા અંદાજમાં ફિલ્મ પ્રીમિયર માણ્યું હતું.

## મૌલાના સાથે લગ્ન કરવા માંગે છે રાખી સાવંત



મુંબઈ, તા. 29: રાખી સાવંતને બોલિવૂડ ઇન્ડસ્ટ્રીની ક્વીન રાખી સાવંતને તાજેતરમાં સવાલ કરવામાં આવ્યો હતો કે, તમે રાખી સાવંતમાંથી ફાતિમા બની ગયા હતા, પરંતુ ફરીથી રાખી બની ગયા, તો શું આ તમારા પાત્રો છે? ત્યારે રાખી સાવંતે કહ્યું કે, "હું હજુ પણ ફાતિમા જ છું. મારા છૂટાછેડા થઈ ગયા છે પરંતુ મેં ઈસ્લામ ધર્મ છોડ્યો નથી. હું ગર્વ સાથે કહું છું કે જ્યારે મેં નિકાહ કર્યા હતા ત્યારે મેં ખૂબ જ દિલથી ઈસ્લામ ધર્મ અપનાવ્યો હતો. તે માણસ જ ખરાબ નીકળ્યો, પણ ખુદા તો સારા જ છે." રાખી સાવંતે વધુમાં કહ્યું કે "હું તો કોઈ મૌલાના સાથે લગ્ન કરવા માટે મરી રહી છું. જે લોકો ખુદાથી ડરે છે તે ખૂબ સારા માણસો હોય છે."

### અમેરિકાની આઝાદીના 250 વર્ષ

# ટ્રમ્પની તસવીરવાળો 'સ્પેશિયલ એડિશન' પાસપોર્ટ થશે લોન્ચ

**વોશિંગ્ટન** એજન્સી ખાતે જ મળશે આ ખાસ પાસપોર્ટ; 'અમેરિકા 250' ઉજવણીમાં ગ્રાન્ડ પ્રિક્સ અને UFC ફાઈટનો પણ સમાવેશ




વોશિંગ્ટન, તા. 29 (PTI): વિદેશ મંત્રાલય જુલાઈમાં અમેરિકાની આઝાદીની 250મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રાષ્ટ્ર નિર્માતાઓની તસવીરવાળા લિમિટેડ એડિશન યુએસ પાસપોર્ટ લોન્ચ કરવા માટે તૈયાર છે. આ ખાસ પાસપોર્ટ માત્ર એવા લોકોને જ મળશે જેઓ વ્યક્તિગત રીતે વોશિંગ્ટન પાસપોર્ટ એજન્સી પર હાજર થશે, દેશમાં બીજે ક્યાંય આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. વિદેશ મંત્રાલયે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર આ લિમિટેડ એડિશન પાસપોર્ટની તસવીરો શેર કરી છે. પાસપોર્ટના એક પેજ પર ટ્રમ્પની તસવીર છે, જેની ચારે બાજુ 'ડિક્લેરેશન ઓફ ઈન્ડિપેન્ડન્સ'નું લખાણ અને અમેરિકન ધ્વજ છે સાથે રાષ્ટ્રપતિની સોનેરી રંગમાં સહી પણ છે. બીજા એક પેજ પર સ્વતંત્રતાની જાહેરાત પર હસ્તાક્ષર કરતાં રાષ્ટ્ર નિર્માતાઓનું પ્રખ્યાત પેઈન્ટિંગ દર્શાવવામાં આવ્યું છે.

આ ઉનાળામાં બહાર પાડવામાં આવનાર આ પાસપોર્ટ ટ્રમ્પ વહીવટીતંત્રની વ્યાપક 'અમેરિકા250' ઉજવણીનો એક ભાગ છે, જેમાં ઓગસ્ટમાં નેશનલ મોલ ખાતે ગ્રાન્ડ પ્રિક્સ રેસ અને જૂનમાં વ્હાઈટ હાઉસના સાઉથ લોન પર યુએફસી ફાઈટનો પણ સમાવેશ થાય છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા ટોમી પિગોટે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "જુલાઈમાં જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ અમેરિકા પોતાની 250મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે વિદેશ મંત્રાલય આ ઐતિહાસિક પ્રસંગની સ્મૃતિમાં મર્યાદિત સંખ્યામાં વિશેષ રીતે ડિઝાઈન કરાયેલા યુએસ પાસપોર્ટ બહાર પાડવાની તૈયારી કરી રહ્યું છે."

# 'મારો માળો ક્યાં ગયો?'



**કોમેડી** વાઈલ્ડલાઈફ એવોર્ડની વિજેતા તસવીરોએ જમાવી રમૂજ

પ્રકૃતિ માત્ર સુંદર જ નથી, ક્યારેક અત્યંત રમુજી પણ હોય છે! આ વાત સાબિત કરી છે આ વર્ષના 'નિકોન કોમેડી વાઈલ્ડલાઈફ એવોર્ડ્સ' (2026)ના વિજેતાઓએ. જંગલી પ્રાણીઓની કુદરતી પણ હાસ્યસ્પદ પળોને કેમેરામાં કેદ કરતી આ સ્પર્ધામાં એલિસન ટકની તસવીર 'નાઉ, વેર ઇઝ માય નેસ્ટ?' (મારો માળો ક્યાં ગયો?)એ પીપલ્સ ચોઈસ એવોર્ડ જીતી લીધો છે.

**વિજેતા તસવીર:** યોર્કશાયરના બેમ્પ્ટન ક્લિફ્સ પર લેવાયેલી આ તસવીરમાં પક્ષી પોતાના માળા માટે ઘાસ ભેગું કરી રહ્યું છે, પણ ભારે પવનને કારણે આખું ઘાસ તેના ચહેરા પર આવી જાય છે અને તે ક્ષણભર માટે 'અંધ' બની જાય છે.

**પીકા-બૂ હાથી:** શ્રીલંકાના એક હાથીએ પોતાના મોટા કાનથી આંખો ઢાંકીને સંતાકૂકડી રમતા હોય તેવી તસવીર પણ આકર્ષણનું કેન્દ્ર બની છે.

**ગપસપ કરતા લેમર:** માડાગાસ્કારમાં બે લેમર ખડક પર બેસીને જાણે કોઈ ગંભીર પંચાત કરતા હોય તેમ દેખાય છે.

**માર્ચ કરતો ગોરિલા:** રુવાન્ડામાં એક ગોરિલા જાણે લશ્કરી પરેડ કરી રહ્યો હોય તેમ એકદમ શિસ્તબદ્ધ રીતે ચાલતો ઝડપાયો છે.

આ સ્પર્ધા માત્ર હાસ્ય પૂરતી સીમિત નથી. તેના સ્થાપક પોલ જોયન્સન-હિક્સ અને ટોમ સુલામના જણાવ્યા મુજબ, આ વર્ષે નફાના 10 ટકા હિસ્સો 'બોર્ન ફ્રી ફાઉન્ડેશન' ને દાન કરવામાં આવશે, જે લુપ્ત થતી પ્રજાતિઓ અને પ્રાણીઓના સંરક્ષણ માટે કામ કરે છે.

એલિસન ટકે વિજેતા બન્યા બાદ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, "વન્યજીવોની વાર્તાઓને કેમેરામાં કેદ કરવી એ મારા માટે વિશેષ છે, અને તેમાં પણ જ્યારે તે હાસ્ય જન્માવે ત્યારે તે ડબલ આનંદ આપે છે!"

# સ્કૂલ સ્પોર્ટ્સ ડેમાં રોબોટ થયો 'આઉટ ઓફ કંટ્રોલ'

**ડાન્સ** કરતા કરતા વિદ્યાર્થીઓ પર કર્યા કુંગ-ફૂ પ્રહાર



ચીનના શિનજિયાંગ પ્રાંતમાં એક સ્કૂલના સ્પોર્ટ્સ ડે દરમિયાન રમુજી અને આશ્ચર્યજનક ઘટના બની હતી. કાર્યક્રમમાં ડાન્સ કરવા માટે લાવવામાં આવેલ હ્યુમનોઇડ રોબોટ અચાનક 'બેકાબૂ' થઈ જતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. વીડિયોની શરૂઆતમાં રોબોટ મેદાન પર ખૂબ જ સુંદર રીતે ડાન્સ સ્ટેપ્સ અને માર્શલ આર્ટ્સના કિક્સ બતાવી રહ્યો હતો. જેવો વિદ્યાર્થીઓનો સમૂહ રોબોટ સાથે સિંક્રનાઈઝ ડાન્સ કરવા મેદાનમાં આવ્યો, તે જ સેકન્ડોમાં રોબોટ સંતુલન ગુમાવીને નીચે પડી ગયો.

જમીન પર પડ્યા પછી રોબોટ અટકી જવાને બદલે હવામાં લાતો મારવા લાગ્યો અને કુંગ-ફૂ સ્ટાઈલમાં હુમલા કરવા લાગ્યો. ડાન્સ કરી રહેલા વિદ્યાર્થીઓ ગભરાઈને પાછળ હટી ગયા હતા.

### રિસર્ચ માટે કુલ 50 કરોડની જંગી ગ્રાન્ટ મળી!

# વિશ્વના ટોચના 2% વૈજ્ઞાનિકોમાં પારૂલ યુનિ.ના 7 ફેકલ્ટીઝને સ્થાન

## પીએચડી અને સાયન્સના વિદ્યાર્થીઓ માટે વિશેષ R & D સેન્ટર

વડોદરા, એપ્રિલ, 2026: NAAC A++ માન્યતા ધરાવતી પારૂલ યુનિવર્સિટી રિસર્ચ અને ઈનોવેશનના એક મહત્વપૂર્ણ સેન્ટર તરીકે પોતાની ઉપસ્થિતિને સતત મજબૂત કરી રહી છે. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સ વચ્ચે ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, પેટન્ટ્સ, કોપીરાઈટ્સ, ટ્રેડમાર્કની મહત્વતાને પ્રોત્સાહન આપતાં યુનિ.એ તેના અદ્યતન કેમ્પસમાં એક મજબૂત ઈકોસિસ્ટમ વિકસિત કરી છે, જેનાથી રિસર્ચને એક પ્રભાવી ઈનોવેશનમાં તબદીલ કરવામાં મદદ મળી રહે.

QS I-GAUGE ઈન્ડિયન યુનિવર્સિટી રેટિંગ્સમાં ડાયમંડ રેટિંગ ધરાવતી યુનિ.ના 11 ફેકલ્ટી મેમ્બર્સના પ્રતિનિધિમંડળે લંડન મેટ્રોપોલિટન યુનિવર્સિટી દ્વારા આયોજિત FICTA 2025માં તેમના રિસર્ચ રજૂ કર્યાં છે, જે આંતરરાષ્ટ્રીય ભાગીદારી અને નોલેજ એક્સચેન્જ માટેના યુનિ.ના કેન્દ્રીત પ્રયાસો દર્શાવે છે. ગુજરાત સરકાર પાસેથી સેન્ટર ઓફ એક્સેલન્સનો પ્રતિષ્ઠિત દરજ્જો ધરાવતી પારૂલ યુનિ.ને ઈલેક્ટ્રોલિસિસ અને રિન્યૂએબલ એનર્જીના એકીકરણથી ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન પ્રોજેક્ટ માટે અને યુકેની રોયલ એકેડમી ઓફ એન્જિનિયરીંગ તરફથી 65,000 પાઉન્ડની જંગી ગ્રાન્ટ મેળવી છે. તાજેતરમાં ભારત સરકારના બાયોટેક્નોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીઆઈઆરએસી) દ્વારા સોશિયલ ઈનોવેશન માટે સ્પર્શ સેન્ટરની સ્થાપના માટે યુનિ.ને રૂ. 4.02 કરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે. આ પ્રકારની ગ્રાન્ટ મેળવનાર આઈઆઈટી જેવી દેશની ટોચની 15 સંસ્થાઓમાં પારૂલ યુનિ. પણ સામેલ થઈ છે.

**સરકારી અને ખાનગી કંપનીઓએ કેટલી ગ્રાન્ટ આપી**

| ઇન્સ્ટિટ્યૂટ/કંપની | ગ્રાન્ટની રકમ (રૂ.માં) |
|---|---|
| બાયોટેક્નોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ભારત સરકાર | રૂ. 4.02 કરોડ |
| ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ | રૂ. 3.25 કરોડ |
| રોયલ એકેડમી ઓફ એન્જિનિયરીંગ | રૂ. 1.78 કરોડ |
| સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ | રૂ. 1.45 કરોડ |
| ઈન્ડસ્ટ્રીઝ કમીશનર, ગુજરાત સરકાર | રૂ. 1.17 કરોડ |
| ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મીશન | રૂ. 93.93 લાખ |
| જીએસબીટીએમ - GSBTM | રૂ. 54.39 લાખ |
| ક્લાઈમેટ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર | રૂ. 54.12 લાખ |
| ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગુજરાત સરકાર | રૂ. 40.42 લાખ |
| સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદ સાયન્સીઝ | રૂ. 28.45 લાખ |
| ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) | રૂ. 22.52 લાખ |
| મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલિ વેલફેર | રૂ. 18.32 લાખ |
| ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ભારત સરકાર | રૂ. 13.08 લાખ |
| એઆઈસીટીઈ - AICTE | રૂ. 12.83 લાખ |
| આઈ-હબ - iHUB | રૂ. 7.2 લાખ |

**31 પેટન્ટને મંજૂરી અને 104 કોપીરાઇટ્સ રજીસ્ટર**

ઇનોવેશન પ્રત્યે યુનિ.ની કટીબદ્ધતા તેની પ્રભાવી ઇન્ટલેચ્યુઅલ પ્રોપર્ટી માટેની સિદ્ધિમાં જોવા મળે છે. અત્યાર સુધીમાં 31 પેટન્ટ્સને મંજૂરી મળી છે તેમજ 495થી વધુ પેટન્ટ એપ્લીકેશન ફાઈલ કરાઈ છે, જે રિસર્ચ સંચાલિત ઇનોવેશન માટેના યુનિ.ના પ્રયાસોને દર્શાવે છે. આ ઉપરાંત યુનિ.એ 100થી વધુ કોપીરાઇટ્સ રજીસ્ટર કર્યા છે તેમજ 175થી વધુ કોપીરાઇટ્સ સબમીટ કરાઈ છે. યુનિ.ની 37 ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈનને મંજૂરી મળી છે તથા 45 ડિઝાઈન સબમીટ થઈ છે, જે ઇનોવેશનમાં વૈવિધ્યતા સૂચવે છે. ટ્રેડમાર્ક્સના ફાઇલિંગ અને સફળ ટેક્નોલોજી ટ્રાન્સફર રિસર્ચને રિયલ-વર્લ્ડ એપ્લીકેશનમાં તબદીલ કરવાના પ્રયાસોનો ઉત્તમ પુરાવો છે.

ઉલ્લેખનીય છે કે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઉપર યુનિ.ના કેન્દ્રિત પ્રયાસોને લક્ષ્યમાં રાખતાં વિવિધ સરકારી સંસ્થાનો, બિન-સરકારી સંસ્થાઓ, આંત્રેપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સેન્ટર અને કન્સલ્ટન્સી તરફથી કુલ રૂ. 49.29 કરોડની ગ્રાન્ટ મળી છે. મહત્વપૂર્ણ છે કે આ ગ્રાન્ટમાં સ્ટાર્ટ-અપ્સનો હિસ્સો રૂ. 8.6 કરોડ થવા પામે છે, જે સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવાના તથા તેમના ઈન્ક્યુબેશન માટેના યુનિ.ના પ્રયાસો દર્શાવે છે. તે ઉપરાંત બિન-સરકારી સંસ્થાનોમાં ડાબર જેવાં પ્રતિષ્ઠિત સંસ્થાનો પણ સામેલ છે કે જેણે આરએન્ડડી માટે નોંધપાત્ર ગ્રાન્ટ ફાળવી છે.